સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

નથી ક્યાંય બૌધિક-પ્રચાર, વ્યક્તિગત મુદ્દે છે,
નથી કોઈ વાત વિકાસની કીચડ ખૂંદે છે
લોકશાહીની પ્રક્રિયા, બુદ્ધિ જાય છે બૂંદે
નથી વિશાળ દૃષ્ટિ, દેડકાઓ કૂવામાં કૂદે છે

લડે લડાઈ
વ્યક્તિગત લાંછને
નિમ્ન સ્તરથી

માનમાં કેદ
ન્યાયના સન્માનમાં
થાય છે ખેદ !

ચિંતન

કર્મણા નિર્મિતો દેહઃ પ્રારબ્ધં તસ્ય કલ્પ્યતામ્ ।
નાડનાદેશત્મનો યુક્તં નૈવાડત્મા કર્મનિર્મિતઃ ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે.

કર્મથી દેહનું નિર્માણ થયું છે માટે તેના જ હેતુ રૂપે પ્રારબ્ધ સમજવું, અનાદિ આત્માનું કારણ કર્મ ન હોઈ શકે, કારણ કે આત્મા કર્મનિર્મિત નથી.

ભાગ્ય-સ્વભાવ-કર્મ માટે 'શરીર' કર્મથી સર્જન પામે ચે તેને હેતુ જ કર્મ કરતાં-ભોગવવાનો છે એ હેતુ મર્યાદિત છે, સમય નિશ્ચિત છે.

પરંતુ આત્મા તો ઈશ્વર નિર્મિત કર્મ માટે જન્મ ધારણ કરે છે, તેને શરીર સાથે સંબંધ નથી. સંતો-મહંતો કોઈ નિર્મિત-નિમિત્ત કાર્ય માટે જ્ઞાની આત્મા સાથે શરીરમાં આવ્યા છે, તેને જન્મ હેતુની પહેલાં જ ખબર હોય છે.

સુવિચાર

- જીત થવી એ ઇચ્છનીય છે પણ અનિવાર્ય નથી. હારને પચાવવાથી ભવિષ્યની જીત વધારે પાવરફુલ બને છે.
  - ઉત્સવી ભીમાણી
- હજારોં ઉલ્ઝનેં રાહોં મેં, ઔર કોશિશેં બેહિસાબ, ઈસી કા નામ હો જિંદગી, ચલતે રહીયે જનાબ
  - અમૃતબિંદુ
- જબરદસ્ત એકાગ્રતા વગર કોઈ માણસ સૂઝ-સમજવાળો, આવિષ્કારી, મૌલિક કે સંશોધક બની શકતો નથી.
  - સ્વેટ માર્ડન
- તમે એટલા ભરપૂર ન થઈ જાઓ કે જેથી બીજા બરબાદ થઈ જાય - **શ્રીપાદ નવલકર**
- આંધળા આગળ આરસી ને બહેરા આગળ શંખ : - **જૂની ગુજરાતી કહેવત**
- દવાની સીધી અસર જો રોગ પર છે તો ધર્મની સીધી અસર દોષ પર છે. રોગ ઘટાડે તે દવા, દોષ ઘટાડે તે ધર્મ.
  - રત્નસુંદરવિજયજી
- આજનું ઔષધ : રક્તાલ્પતામાં ગોખરુનો ઉકાળો મધ અને સાકર નાખીને પીવો.
  (સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સિંગાપોરમાં ડૉ. સિસિલ. મોટા મકાનમાં રહેતા હતા અને પોતાનું ક્લિનિક પણ ચલાવતા હતા. તેમનાં કપડાં ધોવા અને ઈસ્ત્રી કરવાનું કામ ચૌદ વર્ષનો છોકરો પીટર કરતો હતો. તે પણ અનાથ હતો. એ અરસામાં અંગ્રેજો અને જાપાની સૈન્ય વચ્ચે યુદ્ધ છેડાઈ ગયું. યુદ્ધ દરમિયાન પીટર ઘાયલ થઈ ગયો. તે ડૉ. સિસિલ પાસે આવ્યો. ડૉક્ટરે તેને પાટાપિંડી કરી અને દવા આપીને કહ્યું, તું મારાં કપડાં તારે ઘરે લઈ જા. એને ધોઈને ઈસ્ત્રી કરીને એક-બે દિવસમાં આપી જજે.

બે દિવસમાં તો સિંગાપોર પર જાપાનીઓએ કબ્જો જમાવી દીધો. અને એવામાં પીટરની પણ ધરપકડ કરી તેને જેલમાં નાખી દેવાયો. ત્રણ વર્ષ બાદ અંગ્રેજોએ ફરીથી સિંગાપોર જીતી લીધું અને જાપાનીઓએ બંદી બનાવેલા સૌ કેદી છૂટી ગયા. પીટરે સૌપ્રથમ ઘરે પહોંચીને ડૉ. સિસિલનાં કપડાં ધોયાં અને ઈસ્ત્રી કરીને તે આપવા ડૉ. સિસિલના ઘેર પહોંચ્યો. ડૉ. સિસિલે પૂછ્યું, અરે પીટર. આ પોટલામાં શું છે ? પીટરે નિરાશાભર્યા અવાજમાં કહ્યું, સાહેબ, આ વખતે મને બહુ વાર લાગી. જાપાનીઓએ મને બંદી બનાવી જેલમાં નાખી દીધો હતો. આપે મને ત્રણ વર્ષ પહેલાં ધોવા અને ઈસ્ત્રી કરવા આપેલાં કપડાં હું આજે તમને પરત કરું છું.

પીટરની પ્રામાણિકતા જોઈ ડૉ. સિસિલની આંખમાં પાણી આવી ગયાં. એમણે કહ્યું, અરે ભાઈ, હું પણ કાલે જ જેલમાંથી છૂટીને આવ્યો છે. તારી પ્રામાણિકતા ને ફરજ જોઈને હું મારું તમામ દર્દ ભૂલી ગયો છું અને હવે તું અનાથ નથી. તું મારી સાથે મારા આ બંગલામાં જ રહેજે. કપડાં ધોઈશ નહીં પણ તું સ્કૂલમાં ભણવા જજે.

પીટરને એની પ્રામાણિકતાનો બદલો ડૉ. સિસિલે અદ્‌ભૂત આપ્યો.

કુદરતના સંદેશને સમાન અર્થમાં સમજીએ

તંત્રીસ્થાનેથી...

કુદરત આગણ આપણે વામણાં, કુદરત રૂઠે ત્યારે કોઈનું કાંઈ ન ચાલે... એવી વાતો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ અને આ વાતના પરચા પણ આપણને અવારનવાર મળતા રહ્યા છે.

ખાસ કરીને કુદરતી આપત્તિઓ આવે ત્યારે એમ થાય કે ખરેખર કુદરત આગળ આપણે વામણા છીએ.

ઓડિશાને એ અનુભવ હાલ થઈ રહ્યો છે. કલાકના ૧૭૫ કિમીની ઝડપે ફુંકાતો પવન ઓડિશાને હલબલાવી ગયો છે. છેલ્લા બે દિવસમાં લાખો લોકોનું સ્થળાંતર કરવું પડ્યું છે. જાનમાલના અને નુકસાનનો આંકડો તો હજી અંદાજી શકાયો જ નથી. આંધ્રપ્રદેશની હાલત પણ એવી જ છે. અહીં અલબત્ત ઓડિશા જેટલી વિનાશક અસરો નથી પહોંચી પરંતુ ફેનીએ એનો મિજાજ તો દેખાડ્યો જ છે અને એ નિમિત્તે લેવામાં આવેલાં આગોતરાં પગલાંરૂપે લાખો લોકોનું સ્થળાંતર તો કરવું જ પડ્યું હતું.

આવી કુદરતી આપત્તિઓ હકીકતે માનવજાતને એક સંદેશ આપે છે. અને એ સંદેશ છે : સૌ એક થઈ જાઓ.

હા, કુદરતના કહેરને પહોંચી શકાતું નથી, પરંતુ આ કહેર વરસે પછી માનવીને માત્ર માનવીનો જ સહારો હોય છે એ વાત સૌ માનવીઓ સારી રીતે જાણે છે. આ વાતનો અનુભવ વત્તેઓછે અંશે દેશના સૌ રાજ્યોના નાગરિકો કરી જ ચૂક્યા છે. જ્યારે જ્યારે પણ કોઈ રાજ્ય પર આપત્તિ આવી ત્યારે ત્યારે ન માત્ર સરકારે કે કેન્દ્ર સરકારે પરંતુ અન્ય રાજ્યોના નાગરિકોએ પણ રાજ્યને દિલ ખોલીને સહાય પહોંચાડી છે એ વાતનો ઈતિહાસ સાક્ષી છે.

માત્ર કુદરતી આપત્તિ ટાણે જ નહીં, માનવસર્જિત આપત્તિઓ ટાણે પણ આપણે ત્યાં એકતા જોવામાં આવી છે.

આજે પણ એ જ સંદેશ કુદરત આપી રહી છે, ત્યારે પક્ષ-ધર્મ-વર્ગ-વર્ણના ભેદભાવ ભૂલીને સમગ્ર દેશે એક થઈ જવાની અને આફતગ્રસ્ત રાજ્યોની સાથે થઈ જવાની જરૂર છે.

ગુજરાતના વિનાશક ભૂકંપ કે સુનામીની યાદ તાજી થઈ જાય એવો ભય આ વખતે ફેનીએ ઊભો કર્યો છે ત્યારે એ આફતો ટાણે માનવસહાયનો જે પ્રવાહ ઉમટ્યો હતો એવો જ પ્રવાહ અત્યારે પણ ઉમટી પડે તે આજના સમયની માગ છે.

વ્યક્તિ કોઈપણ હોય, તે આપણો દેશવાસી છે અને અત્યારે મુશ્કેલીમાં છે એ સમજી લઈને જોઈતી સહાય પહોંચાડવા માટે તૈયારી કરવાનો સમય પાકી ગયો છે.

અલબત્ત, સહાય આંખ ખોલીને કરીએ, આંખો બંધ કરીને નહીં. નહીંતર એ સહાયનો કોઈ અર્થ નહીં રહે અને લાગણીથી કરવામાં આવેલી સહાય વ્યર્થ પણ જઈ શકે છે.

સુનામી ટાણે ગુજરાતમાંથી મોકલવામાં આવેલી સુખડી અને પુરીઓ દક્ષિણ ભારતીયોએ આરોગી નહોતી કારણ કે એમનો મુખ્ય ખોરાક ચોખા છે, ઘઉં નહીં. એ કશું સમજ્યા વિના આપણે તો જથ્થાના ભાવે સુખડીઓ તૈયાર કરીને મોકલી આપી હતી. એવું જ કચ્છના ભૂકંપ ટાણે પણ બન્યું હતું. કોને શું જોઈએ છે એની તપાસ કર્યા વિના કે તંત્રનું સાંભળ્યા વિના ખાદ્યસામગ્રીની ટ્રકો ભરીને કચ્છમાં દેશભરમાંથી આવતી રહી હતી. એ બધી વસ્તુઓનો એટલો ભરાવો થયો કે કચ્છમાં આવી સામગ્રી ભરીને આવતી ટ્રકોનો પ્રવેશ જ બંધ કરી દેવો પડ્યો હતો. તો ટ્રકો લાવેલો સામાન રસ્તાકિનારે ઠાલવીને ચાલતી થઈ હતી.

લાગણીની જરૂર છે, સહાયની જરૂર છે, બસ આંખ ખુલ્લી રાખીને.

સબ રાસ્તા ગોડ કે પાસ જાતા હૈ

ઈધર જા રહે હો યા ઉધર જા રહે હો,
કીધર ભી જા રહે હો, સબ રાસ્તા ગોડ કે પાસ જાતા હૈ
- કભી હાં, કભી ના

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા
jayuoza@gmail.com

૧૯૯૪માં કુંદન શાહ દિગ્દર્શિત ફિલ્મ 'કભી હાં, કભી ના' ખૂબ જ સુંદર પારિવારિક ફિલ્મ હતી. શાહરુખખાન હજી સુપર સ્ટાર બન્યો ન હતો. દિપક તિજોરી, સુચિત્રા કૃષ્ણમૂર્તિ, રીટા ભાદુરી, સતીષ શાહ, ટીકુ તલસાણિયા, નસીરુદ્દીન શાહ જેવા રંગમંચના કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો. નિર્દોષ રોમેન્ટિક કૉમેડી જેવી આ ફિલ્મના સંવાદ રણજીત કપૂરે લખ્યા હતા.

ફિલ્મમાં આ સંવાદ 'ફાધર' બનેલા નસીરુદ્દીન શાહના મુખે બોલાવવામાં આવ્યો છે. ૧૯૯૪ના ફિલ્મફૅર ઍવોર્ડમાં ક્રીટીક્સ બેસ્ટ ફિલ્મ અને ક્રીટીક્સ બેસ્ટ ઍક્ટરનો ઍવોર્ડ આ ફિલ્મના દિગ્દર્શક અને અભિનેતા શાહરુખ ખાનને મળ્યો હતો. ૧૯૯૩માં જ બાઝીગર માટે નેગેટિવ રોલ કરનાર શાહરુખ ખાને આ ફિલ્મમાં એક લૂઝર તરીકેનો એકદમ અલગ જ કિરદાર નિભાવ્યો હતો.

ચર્ચના ફાધર નસીરુદ્દીન શાહે જે સંવાદ કહ્યો છે તે આમ તો આપણા વેદ-ઉપનિષદનું અટલ સત્ય જ છે. અને ભારતીય સંસ્કૃતિનો તો આ જ સંદેશ સમગ્ર વિશ્વને પહેલેથી જ રહ્યો છે.

આકાશાત્ પતિતં તોયં
સાગરં પ્રતિ ગચ્છતિ।
સર્વ દેવ નમસ્કારં કેશવં પ્રતિ
ગચ્છતિ॥

આકાશમાંથી પડતું પાણી સાગર તરફ જ જાય છે, તેવી જ રીતે દરેક દેવને કરેલા નમસ્કાર એ એક જ ઈશ્વર, એક જ પરમાત્માને જાય છે.

આ શ્લોક આપણા વેદ-ઉપનિષદના સંદેશના સારરૂપ છે અને આ શ્લોકમાં જ શંકરાચાર્યનો અદ્વૈતનો સિદ્ધાંત ઝલકે છે. તો વળી આવા જ અર્થને દર્શાવતો શ્લોક સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહી ચૂક્યા છે.

શિકાગો ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે હિન્દુ ધર્મની વિશિષ્ટતા દર્શાવતા સમગ્ર જગત સમક્ષ તેમના જગવિખ્યાત ઉદ્‌બોધનમાં આ જ શ્લોકનું પઠન કર્યું હતું અને સમગ્ર વિશ્વને સમજાવ્યું હતું કે એકં સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ ॥ એક જ સત્યને વિદ્વાનો અલગ અલગ રીતે દર્શાવે છે, પરંતુ અંતે તો...

ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે...

આ આપણા નરસિંહ મહેતાની પંક્તિઓ અનુસાર... પરમતત્ત્વ ઈશ્વર એક જ છે, તેને આપણે ભલે ભિન્ન ભિન્ન પ્રકારે ભજીએ પરંતુ તેની પાસે પહોંચતાં આપણા પ્રણામ એક જ ઈશ્વરને પહોંચે છે.

આજે ડૉ. નીરવ પટેલ વિષયે સાહિત્યિક કાર્યક્રમ



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા વાર્તાવાચિકમ, કાવ્ય પઠન અને નાટક પઠન તથાતે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન કાર્યક્રમ ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાયો હતો. ડૉ. મોહનભાઈ પરમાર, રામભાઈ સોલંકી, અરવિંદ માર્ડન, રાઘવજી માધડ, કનુ અસામલીકર, રમણ વાઘેલા, મુળજીભાઈ દધિ, જિતેન્દ્ર વાઘેલા, કૌશિક પરમાર અને બાબુભાઈ નાયક આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

રામભાઈ સોલંકીએ સ્વરચિત કાવ્યો તથા વાર્તાનું પઠન કર્યું હતું. અરવિંદ માર્ડને ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનપ્રસંગને આલેખતા અકાંકી નાટક 'સફરના કંટક'નું પઠન કર્યું હતું. પ્રસ્તુત થયેલી કૃતિઆ બાબતે ઉપસ્થિત સૌ સાહિત્યકારો દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી મુળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતી કાવ્ય પરંપરાના એક વિશિષ્ટ કવિ ડૉ. નીરવ પટેલના જીવન અને સર્જનને ઉજાગર કરતો એક સાહિત્યિક કાર્યક્રમ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૪-૫-૦૧૯ ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ વાગે અમદાવાદ ટેક્ષટાઈલ મિલ ઓનર્સ એસોસિએશન બિલ્ડીંગ ઓડિટોરિયમ (આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાશે, જેમાં પ્રાસંગિક અજય ચૌહાણ (મહામાત્ર, અકાદમી) રજૂ કરશે. નીરવ પટેલ પરની દસ્તાવેજી ફિલ્મ, દિગ્દર્શક સાગર શાહ રજૂ કરશે. ડૉ. નીરવ પટેલની જીવન ઝરમર અશોક ચાવડા 'બેદિલ' અને નીરવ પટેલની કવિતા વિશે યજ્ઞેશ દવે, ડૉ. નીરવ પટેલની કવિતાનો પાઠ મહેન્દ્રસિંહ પરમાર અને હરીશ મીનાશ્રુ કરશે.

પ્રતિભાવ ડૉ. નીરવ પટેલ અને અધ્યક્ષીય પ્રવચન અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યા આપશે.

"ચાંદો ઊગ્યો ચોકમાં" : ભાતીગળ લોકગીતોના માણવા જેવા મણકાઓ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સોરઠ ધરા જગ જૂની ગઢ જૂનો ગિરનાર
સાવઝડા સેંજળ પીએ નમણાં નર ને નાર.

અનેક વખત અગણિત લોક સાહિત્યના ડાયરાઓમાં ઉપરનો દોહો આપણે સૌએ સાંભળ્યો છે. વારંવાર સાંભળ્યો છે. દોહાને રજૂ કરનારા અલગ અલગ મર્મી કલાકારો હશે પરંતુ દોહાના શબ્દો તેના તે જ છે. આમ છતાં આવા પુનરાવર્તનથી કંટાળો કે અણગમો અનુભવ્યા સિવાય લોકસાહિત્યના અગણિત ચાહકોએ લોકસાહિત્યના આવા અનેક દોહાઓ કે લોકગીતોને મનભરીને માણ્યાં છે અને મુક્ત કંઠે તેને દાદ આપી છે. આથી એ વાત સ્પષ્ટ થાય છે કે લોકસાહિત્યના આવા પ્રચલિત સર્જનોમાં લોકને પોતાના મૂળના દર્શન થાય છે. આ સાહિત્ય લોકોને ગમે છે. કારણ કે તેમને તે પોતીકું લાગે છે. લોકસાહિત્ય એ લોકની શાશ્વત સંપત્તિ છે તેવું કાકાસાહેબનું અવલોકન યથાર્થ છે. આ સાહિત્યનું સર્જન પણ લોક થકી થયું તથા તેનું પોષણ અને સંવર્ધન પણ વિશાળ લોકસમૂહે કર્યું. લોકસાહિત્યે કૃત્રિમ વાડાબંધીની દિવાલને ભેદીને સર્વગ્રાહી તેમજ સાર્વત્રિક માનવજીવનનું ઝળહળાં દર્શન કારવ્યું છે. ગાંધી વિચારોનો સૂર્યોદય થયો તે પહેલા લોકજીવનને એક ધાગે પરોવી લેવાનું કાર્ય લોકસાહિત્યે યથાશક્તિ કરેલું છે. લોકસાહિત્યનો મહત્વનો હિસ્સો એવા લોકગીતોની વાત કરીએ તો લોકગીતોની સરવાણી આજે પણ જીવંત તેમજ ધબકતી રહી છે. લોકગીતો વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે ગવાતા રહ્યા છે અને ઝીલાતા રહ્યા છે. લોકસાહિત્યના રસથાળને પીરસતા અનેક પ્રકાશનો પણ થયા કરે છે. આ સંદર્ભમાં ગુજરાત રાજ્યના માહિતી વિભાગે તાજેતરમાં પ્રસિધ્ધ કરેલું " ચાંદો ઊગ્યો ચોકમાં " એક મહત્વનું તેમજ નોંધપાત્ર પ્રકાશન છે. સુશિક્ષિત તથા સુપ્રસિધ્ધ લોકગાયક ભાઈ નીલેશ પંડ્યાએ આપ્રકાશનના માધ્યમથી ગુજરાતી લોકગીતોનું ભાતીગળ રસદર્શન કરાવેલું છે. સામાન્ય રીતે લોકસાહિત્ય કંઠસ્થ રહેલું છે. આથી આવા લોકોને ગમતા એવા લોકગીતોનું રસદર્શન સાથેનું સંકલન એ વધાવી લેવા જેવી ઘટના છે. માહિતી વિભાગે ભાઈ નીલેશ પંડ્યાના સહયોગથી ઝવેરચંદ મેઘાણીએ કંડારેલા કેડા પર ડગલાં ભરવાનો પ્રયાસ કર્યો છે તે પ્રશંસનીય પ્રયાસ છે. " હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઇ " જેવા લોકગીતોથી ભૂતકાળની લોકજીવન સાથે જોડાયેલી ઘટના ઉપર નૂતન દ્રષ્ટિથી પ્રકાશ પાડેલો છે. લોકસાહિત્યના અનેક મર્મજ્ઞોને આ પુસ્તક ગમશે તે નિર્વિવાદ છે.

"ચાંદો ઊગ્યો ચોકમાં" એ પુસ્તકના સંદર્ભમાં લોકસાહિત્યની વાત કરીએ તો લોકજીવન સાથે જોડાયેલી આ વાત છે. લોક સાથે જોડાયેલી પ્રત્યેક વાત એ લોકની જેમજ જીવંત હોય છે. ધબકતી હોય છે. વ્યક્તિઓ તો આવે અને જાય પરંતુ લોક એ શાશ્વત છે, કાળજયી છે. લોક સાહિત્યની રચનાઓના કોઈ લેખક નથી હોતા. આવી કૃતિઓ લોકમાં ગવાતી રહે છે અને હોંશેહોંશે ઝીલાતી રહે છે. લોકગીતોની લોકપ્રિયતા ઓછી થતી નથી. સામૂહિક ઉમંગની આરપાર અભિવ્યક્તિ લોકગીતો થકી થઇ શકી છે.

સવ્વા બસેરનું મારું દાતરડું લોલ
ઘડ્યું ઓલ્યા લાલીયા લુહારે,
મુજા વાલમજી લોલ, હવે નહિ જાઉં વીડી વાઢવા રે લોલ.

આવી તો અનેક રચનાઓ કંઠો-પ-કંઠ, કર્ણો-પ-કર્ણ ગવાતી – સંભાળતી અને ઝીલાતી રહે છે. લોકસાહિત્યની આ શાશ્વતીનો સાદ આથીજ મીઠો લાગે છે. ગમતો રહે છે. લોક સાહિત્યના જાણીતા ધૂળધોયા સંશોધકોમાં ઝવેરચંદ મેઘાણીનું કાર્ય અગ્રસ્થાને મૂકવું પડે તેવું વ્યાપક તથા સર્વ સમાવેશક છે. કવિ દુલા ભાયા કાગે મેઘાણીના આવા ભાતીગળ કાર્યને બીરદાવતાં લખ્યું :

સુતા જઈ સ્મશાનમાં એની સોડ્યું તે તાણી
વધુ જીવાડ્યા વાણીયા કંઈક મડદા મેઘાણી.

કવિ પિંગળશીભાઈ લીલાએ મેઘાણી માટે લખ્યું :

ગિરા કંદરા પહાડ ગજવતો ગાંડો તુર થઈ ગાતો,
સાવજને ચારણ કન્યાનું યુધ્ધ નીરખવા જાતો,
ચૌદ વરસની ચારણ કન્યા જગદંબા શી જાણી
અમરલોકથી આવ્ય અમારા શાયર મેઘાણી.

લોકગીતોએ સમાજના વિભિન્ન વર્ગોના જીવતરને કેન્દ્રમાં રાખીને તેનું રસપાન કરાવેલું છે. શ્રમિકોના શ્રમમાં, માતાના વહાલમાં, ભાઈના જવતલમાં કોઈક કારણોસર સાસરીમાં ઊંડી વેદનાથી પીડાતી કોઈ વહુવારૂના આર્તનાદમાં આ ગીતો પ્રગટ્યા છે. જીવનના ઉલ્લાસ સાથે પણ આ સાહિત્ય મહોર્યું છે અને મનોવેદનાની પાનખરમાં પણ લોક સાહિત્ય વિચલિત થયા સિવાય લોક સાથે ઊભું છે. પેલી શ્રમિક બહેન ગાય છે :

પરણ્યે વાઢ્યા છે પાંચ પૂળિયા રે લોલ
મેં રે વાઢ્યા છે દસ વીસ મુંજા વાલમજી લોલ

આ જાણીતા લોકગીતમાં ખુમારીની વાત તો હવે પ્રગટ થાય છે

પરણ્યે ભર્યું છે એનું પેટીયું રે લોલ
મેં તો જમાડ્યો મારો વીર...મુંજા...

લોકગીતોની જેમ લોકસાહિત્યનોજ એક ભાતીગળ પ્રદેશ એટલે લોકવાર્તનો પ્રદેશ. આવી વાત આમતો એક વ્રતાંત છે. તેના મૂળમાં કોઈ દંતકથા પણ હોઈ શકે. કાળના લાંબા પટ ઉપર જ્યારે આ કથા બોલાય ત્યારે તેમાં શ્રધ્ધાનું તત્વ ઉમેરાય છે. કંઠોપ કંઠ કહેવાતી આ વાતોમાં કોઈ કોઈ સ્થળે અતિશયોક્તિ થવાની સંભાવના છે. સુપ્રસિધ્ધ ઈતિહાસવિદ્ કર્નલ ટોડે ચારણી સાહિત્યના આવા સાહિત્યમાંથી અનેક વાતોનો યોગ્ય સંદર્ભ ઈતિહાસ આલેખવા લીધો છે. આ રીતે આ વાતો- કથાઓ ઈતિહાસને પૂરક બની છે. બહારવટિયાઓ પણ ખુમારીયુક્ત વર્તન દાખવતા હોય તેવી અનેક કથાઓ છે. રવિશંકર મહારાજે આ બાબત ઠોસ વિગતો સાથે જગત સમક્ષ રજૂ કરી છે. મહીકાંઠાના પાટણવાડીયાઓ અને બારૈયાઓ તે સમયની બ્રિટીશ હકુમતના જાહેરનામાને કારણે ગુનેગાર ગણાતી જાતિઓ હતી. પરંતુ આ લોકોમાંજ પડેલી ખુમારી તથા ઉદારતાના ભાવ રવિશંકર દાદા જોઈ શક્યા. દાદા અને મેઘાણીભાઈના રસપ્રદ વાર્તાલાપમાંથી વિશ્વ સાહિત્યમાં સ્થાન પામી શકે તેવી કૃતિ "માણસાઈના દીવા" જગતને મળી.

લોક સાહિત્યનો સ્વસ્થ તથા નિર્મળ પ્રવાહ નિરંતર વહેતો રહે તે ઇચ્છનિય છે. સમાજમાં માનવીય મૂલ્યોની ચેતના જીવંત રાખવામાં તળનું સાહિત્ય ઉપયોગી બને છે. નવી પેઢી સુધી પણ આ સાહિત્યની સૌરભ પહોંચાડવાનું પડકારરૂપ કાર્ય કરવા જેવું છે. "ચાંદો ઊગ્યો ચોકમાં" પુસ્તકનું ઉમળકાભેર સ્વાગત છે.

દાંડીકૂચ વખતે કોઈપણ જાહેરાત વગર ગાંધીજીની જાહેર સભાઓ થઈ જતી હતી

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

દાંડીકૂચ દરમિયાન ઘણા સ્થળોએ ગાંધીજીની જાહેર સભા યોજાતી તો ઘણા બધા સ્થળોએ એટલી બધી જનમેદની ગાંધીને જોવા અને સાંભળવા હાજર થઈ જતી હતી કે સ્વયંભૂ જાહેર સભા બની જતી હતી. ગાંધીના આ પ્રજા સાથેના સંવાદમાં સ્વરાજ્ય અને મીઠાની સામે આંદોલનની વાતો તો કેન્દ્રસ્થાને રહેતી જ હતી, પરંતુ સ્થાનિક અગ્રણીઓ અને જ્ઞાતિ -ધર્મના ભેદભાવ અને સ્ત્રી પુરુષ વચ્ચેના ભેદભાવને પણ દૂર કરવા માટે પ્રજાજનોને તેઓ શિખામણ આપતા હતા. દરેક દિવસના પ્રવચનો આપણે જોવા જેવા છે.

જેમકે છઠ્ઠા દિવસની દાંડીકૂચ દરમિયાન આણંદની સભામાં મૌનવારનું વ્રત કર્યા પછી ગાંધીજી ચરોતરના પાટીદારોને સંબોધતા કહે છે, " અત્યારે હું પૈસાની ભિક્ષા માટે નથી નીકળ્યો. હું તો મોટી ભિક્ષા માગવાનો છું. તમે તો પાટીદારનું નાક અને તમે પાટીદારનું મીઠું. મીઠું મીઠાશ છોડે તો ક્યા જવું? પાટીદારમાં બહાદુરી ઈત્યાદિ ગુણો સારા પડ્યા છે. તેનુ દર્શન અહીં નહીં થાય તો ક્યા થઈ શકે? આમ બાપુ, વાત કરતા જાય પણ પ્રશ્ન રૂપે જ. એમાંથી તેઓ વાતચીતને પોતે મહાત્મા છે એવા ખોટા ખ્યાલમાંથી બહાર લાવવાનું કામ બહુ સાહજિક રીતે કરે છે અને સંવાદ એક માર્ગી ન બને એનું ધ્યાન રાખે છે. બાપુ કહે છે, મીઠામાં તો ચમત્કાર છે. ગોળ અને સાકરથી પણ જે મીઠાશ ન આવે તે એમાંથી આવે છે. હવે મારે મગનું નામ પાડવું પડશે કે? અહીં રહેલા વિદ્યાર્થીઓ શું કરશે? ચોપડીઓ સાચવીને બેસી રહેશે કે વિદ્યાપીઠને માર્ગે ચાલશે? તેણે 'સા વિદ્યા યા વિમુક્તયે' એ મુદ્રાલેખ સિદ્ધ કરી બતાવવાનો છે, તો શું કરશો? આખા ગુજરાત જ નહીં હિન્દુસ્તાનને પદાર્થ પાઠ આપશો? જે આશા હું તમારી પાસે, તમારા શિક્ષકો પાસે, નરસિંહભાઈ પાસે, મોતીભાઈ પાસે રાખું તે ન ફળે તો નરસિંહભાઈ ખરા નરસિંહ ન હોય, અને મોતીભાઈ ખરા મોતીભાઈ નહીં હોય. ધારાળા એટલે ઠાકોર - તેમને પાટીદાર નો સ્પર્શ થાય તો જેમ પારસના સ્પર્શથી કંચન વર્ણન થવાય તેમ તેઓ પણ થાય. ખેડા જિલ્લો ઉઠ્યો એની મેળે ઉઠવાનો. પહેલા હું કહેતો કે સરકારી શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જાઓ હવે કહું છું કે ભણતર છોડી ભેખ લો ને સૈનિક બનો. આ હૃદયનો સવાલ છે, બુદ્ધિનો પ્રશ્ન નથી. જો તમે માનતા હો કે આતો આખરી ફેંસલો છે, તો તમે યુદ્ધમાં જોડાજો. ઈશ્વર આ સંદેશો તમારે ગળે ઉતારે. અને એક લોક કહેવત ટાંકતા ગાંધી સાનમાં સમજાવે છે 'ધણીને સૂઝે તો ઢાંકણીમાં ને પડોશીને આભલામાંયે નહિ'. - આમ ગાંધી ચરોતરની મૂળ ભૂમિમાં પાટીદારો અને ઠાકોરોને જ્ઞાતિગત ભેદભાવ ભૂલી એક સંપ બનાવવાનો પ્રયાસ કરે છે. તો સાથે સાથે તેઓ શિક્ષણ છોડી અને ગુજરાત વિદ્યાપીઠની કેળવણીની પાઠશાળામાં જોડાવા માટે પણ યુવાનો અને તેમના શિક્ષકોને સમજાવે છે.

ગાંધીજી પ્રશ્ન પૂછીને પોતાનું મહાત્માપણું ઓગાળી નાંખી જન સામાન્ય સાથે સીધો વાર્તાલાપ કરતા હતા

આણંદની આ સભા પૂરી કર્યા પછી ગાંધીજી તેમના દાંડી સૈનિકો સાથે ચાલવા લાગ્યા ત્યારે નરસિંહભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ પણ ચાલવા લાગ્યા હતા. બાપુએ તેમને ઉભા રાખી ને પૂછ્યું, ' કેમ નરસિંહભાઈ! ક્યાં સુધી આવશો? નરસિંહ ભાઈ એ જવાબ આપ્યો, 'ગામના સીમાડા સુધી?' ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું ' જો ધરપકડ થાય તો અમે તમને આગળ ધરીશું'. ત્યારે હાજર જવાબી નરસિંહભાઈએ કહ્યું, 'બાપુ વિલ કરવાનું રાખ્યું જ નથી. બધા જ સાથે આવીએ છીએ, છોકરાની વહુ સુદ્ધાં!' ગાંધીએ જ્ઞાતિના ભેદભાવ તો દૂર કરવાનો પ્રયાસ કર્યો તેમ પરિવાર ભાવના વિકસે અને ઘરની વહુ ભલે હોય પણ એ સ્ત્રીને પણ સાથે રાખવાની, સામેલ રાખવાની વાત નરસિંહભાઈના મુખે ગાંધીજીના કાર્યનો બોલતો પુરાવો છે.

ત્યાંથી આગળ જતા નાપામાં ફાગણના ધગધગતા તાપમાં પણ ત્રણ કલાકથી વાટ જોઈને લોકો શાંતિથી બેઠા હતા. અબ્બાસઅલી તૈયબજી ત્યાં આવી પહોંચ્યા હતા. સ્થાનિકોને સંબોધન કરતા ગાંધીએ કહ્યું: ' જે તાલુકામાંથી સરદારને પકડવામાં આવ્યાએ તાલુકામાં અમે પ્રવેશ કર્યો છે અને જે તાલુકામાં ૧૯૨૪ ની સાલમાં સરદારે હેડિયાવેરા સામે જંગી લડત ચલાવી હતી ત્યાં અમે આવ્યા છીએ.સરદાર તો રસ્તો સાફ કરવા આવ્યા હતા. એમણે કંઈ ગુનો તો થોડો કર્યો હતો? સરદારને એક નકામા કાયદાની કલમથી પકડી લીધા. એમને જેલ હોય તો સાત વર્ષની કે જન્મટીપની હોય. સરદારને ત્રણ મહિનાની સજા, એ સરદાર ને શોભે? એમણે રાજદ્રોહનો ગુનો કર્યો હોય તો કાળા પાણી પણ હોય, એ તો આપણો ધર્મ છે જે રાજ્યમાં મીઠા જેવી આવશ્યક વસ્તુઓ ઉપર ગરીબ કે તવંગર પાસેથી સરખો કર લેવામાં આવતો હોય, જેનો સૂબો પાંચ હજ